# ભારતીય દલિત સાહિત્યના ઈતિહાસનું સીમાચિહ્ન - નામદેવ

પ્રા. મીનાક્ષીબેન આર. પટેલ
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ
ખેરગામ તા. ખેરગામ જિ. નવસારી

૧૯૬૦ પછીના સમયગાળામાં મરાઠી દલિત કવિતાના ક્ષેત્રમાં આમૂલાગ્ર પરિવર્તન આવ્યું. દયા પવાર, નામદેવ ઢસાળ, કેશવ મેશ્રામ, અર્જુન ડાંગળે જેવા વિદ્રોહી કવિઓનો ઉદય થયો. પ્રસ્થાપિત રૂઢ પરંપરા, ખ્યાલોને ઉખેડી ફેંકીને સામાજિક વ્યવસ્થા સામે વિદ્રોહ પોકારતા આ કવિઓએ સમગ્ર ભારતીય સાહિત્યમાં દલિત સાહિત્યને પ્રસ્થાપિત કરવાના સફળ પ્રયત્નો આરંભ્યા. ૧૯૭૨ ના વર્ષને ભારતીય દલિત સાહિત્યના ઈતિહાસમાં સમીચિહ્નરૂપ ગણી શકાય.
કારણ કે...

1. આ સમયગાળામાં મરાઠી સર્જક નામદેવ ઢસાળે 'ગોળપીઠા' નામનો પોતાનો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો અને....
2. એ જ વર્ષે એમના હાથે શરૂ થયેલ દલિત પેંથર આંદોલન. જે એક યુવા સંગઠન છે. જે દલિતોના સર્વાંગી વિકાસ અને સમાનતા માટે કામ કરે છે. આમ, આ બે મહત્ત્વની ઘટનાઓને કારણે ૧૯૭૨ નું વર્ષ યાદગાર બની રહ્યું.

૧૫ ફેબ્રુઆરી ૧૯૪૯માં મહારાષ્ટ્રના અતિશય ગરીબ ઘરના મહાડ દલિત જાતિમાં નામદેવનો જન્મ થયો. ભયંકર ગરીબી હોવાના કારણે નામદેવના માતા-પિતા કામકાજની શોધમાં મુંબઈ આવ્યા. 'ગરીબનું ઘર ઝૂપડું જ હોય' તે ઉક્તિને જાણે સાચી ઠરાવતા હોય તેમ નામદેવનું કુટુંબ પણ એક બદનામ કમાઠીપૂરા જ્યાં દેહવિક્રયનો ધંધો, તેમજ ચોરી, મારામારી, દલાલી, સુપારી જેવા મુંબઈના ખદબદતા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં તેઓ રહ્યા અને તેમાં જ મોટા થયાં. તેઓ નાનપણથી જ સમાજના છેવાડાના લોકો પ્રત્યે સહાનુભૂતિ સેવતા હતા. દલિતના દીકરાને જ્ઞાતિવાદ નડે જ, અહીં તો જ્ઞાતિવાદને કારણે કાતિલ ચોટ વેઠવાની આવી. ઉપલી ગણાતી જ્ઞાતિની છોકરી સાથે પ્રેમમાં પડયા. પરંતુ જ્ઞાતિપ્રથાએ એક થવા ન દીધા. આ ઘટનાએ ઢસાળને જ્ઞાતિપ્રથાના કટ્ટર વિરોધી બનાવી મૂકયા અને એ પછી એમની કવિતાઓમાં આક્રોશ પ્રગટવા લાગ્યો. તેમનું જીવન બદનામ ગલી ગલોપીઠામાં અનેક અભાવોમાં વીત્યું. કવિતા કે સાહિત્યમાં જે શોધ્યા જડતા નથી તેવા કચડાયેલા-વિસરાયેલા લોકો વચ્ચે તેઓ જીવ્યા, તેમના ઝઝૂમ્યા અને સાહજિક રીતે જ આવા લોકોની જીવનકથની જ તેમની કવિતાનું મુખ્ય કેન્દ્ર બની. આવી ગોલપીઠ, આરબ ગલીની ઢોર ચાલમાં જન્મેલા આ નામદેવ ઢસાળ મોટો કવિ બને છે. સમગ્ર ભારતીય સાહિત્યને હલાવી દે તેવી તેજાબી કવિતાઓ એમણે લખી. મુંબઈની સડકો પર જીવાતી ભાષામાં જ એણે ગાળો, કહેવતો, બમ્બૈયા મજાકો, મરાઠીના અભંગોની મજાક કરીને ખરબચડી ભાષામાં કવિતાઓ લખી. ડૉ. આંબેડકર, કાર્લ માર્કસ અને ગૌતમ બુધ્ધમાંથી પ્રેરણા મેળવનાર નામદેવ ઢસાળ વીસમી સદીમાં ફક્ત ભારતમાં જ નહીં સમગ્ર એશિયામાં વિદ્રોહ તથા પરિવર્તનની પ્રતિબદ્ધ કવિતાના નાયક બન્યા.

ચાર દાયકા પહેલા ૧૯૭૦માં નામદેવ ઢસાળનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ગોલપીઠા' પ્રકાશિત થયો. 'ગોલપીઠા'માં નગરજીવનની ગરીબાઈનું આલેખન ધ્યાન ખેંચે છે. આ કાવ્યસંગ્રહ મરાઠી દલિત સાહિત્યના ઈતિહાસમાં નોંધપાત્ર સાબિત થયો. મુંબઈના સૌથી બદનામ ઈલાકા ગોલપીઠા પરથી જ તેમણે એમના સંગ્રહનું નામ રાખ્યું. કદાચ એ ઈલાકો જ હૃદયના ધબકારા ભૂલાવી દે તેવી તેમની કવિતાઓનો જનક પણ હતો. ડૉ. ગણપત વણકર અને ડૉ. રચના પ્રદીપકુમાર દ્વારા મરાઠીમાંથી ગુજરાતીમાં અનુવાદિત આ કવિતામાં જેમનું તાજેતરમાં અવસાન થયું તે નામદેવ ઢસાળનો મિજાજ પરખાય છે.

એમની સનાતન દયા
ફોકલેન્ડ રોડના નપુંસકોથી ઊંચી નથી.
એમણે કોઈ શામિયાણા નથી બાંધ્યા
આકાશમાં આપણા માટે.
ધનકુબેરોએ એમની તિજોરીમાં કેદ કરી લીધો છે પ્રકાશ,
આ જીંદગીમાં ફૂટપાથ પણ આપણી નથી.
એટલી દરિદ્રતા કે માણસપણાને ઊબકા આવે
એ હદે સુકાઈ ગયાં છે આપણાં આંતરડાં
કે પેટ આપણે ગંદકીથી પણ ભરી શકતા નથી.
દરેક નવો દિવસ લાંચ ખાધેલો હોય એમ
એમને જ ટેકો આપે છે.
એમના ઉદાર હાથે
આપણી કતલ થાય છે ત્યારે
આહ પણ સરતી નથી.

નામદેવ ઢસાળ ક્રાંતિકારી કવિ હતા. વાસ્તવવાદી દૃષ્ટિકોણ ધરાવતા આ કવિની કલમમાં વિદ્રોહની પ્રબળ અભિવ્યક્તિ જોવા મળે છે. તેમની કવિતાનું ગજું એટલું મોટું છે કે આગ ઝરતા શબ્દોને વાંચતી કે અનુવાદિત કરતી વખતે કોઈપણ દાઝી જાય. જેમ જેમ છેવાડાના લોકો સુધી સાહિત્ય પહોંચવા લાગ્યું તેમ તેમ સાહિત્યમાં છેવાડાના લોકોની અને સાથે સાથે છેવાડાના લોકો રચિત સાહિત્યની વાત પણ આવવા લાગી. એમણે ગટરમાં પેન બોળીને એના દરિદ્ર જીવનનું, દલિતાઈનું સાચું સાહિત્ય લખ્યું જેમ કે :

નર્કમાં એ રજસ્વાલા થઈ
એના પેટમાં લાખો બીજ હતાં.
આકાશ મજમાં ને મનમાં
વેદનાથી માણસાઈનું બનતું ગયું
        ફિક્કું પીળચટ્ટું.
લેવાદેવા નહોતા તોયે
એ જે રસ્તા પર રૂમઝૂમતી જતી હતી
        ત્યારે
જીવડાઓની સમસ્ત જમાતે
હજારો કળશ (ગૂડી) ઊંચા કર્યા...
દૂંફાળી વહેતી ગટરોએ
શ્વાસ રોકીને એના માટે
પ્રાર્થના કરી, દુઆ માગી.

'ગોલપીઠા' બાદ નામદેવ ઢસાળ વાવાઝોડાની જેમ મરાઠી તથા જનપરંપરાના સાહિત્યમાં ફરી વળ્યા. દિલિપ ચિત્રેએ અનુવાદ અને આસ્વાદ દ્વારા તેમની ધગધગતી લાવારસ જેવી મરાઠી કવિતાઓને બાકીના જગત સુધી પહોંચાડી અને આ જ કવિતા એમને પદ્મશ્રીના બહુમાન અને સાહિત્ય અકાદમીના લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ સુધી લઈ ગઈ. તેમણે દલિત પેન્થર્સ ઉપરાંત સ્થાનિક સેક્સવર્કર્સ માટે કામ કરતી સંસ્થા 'તિરસ્કૃત નારી સંગઠન' ની પણ સ્થાપના કરી. 'ગોલપીઠા' બાદ 'મૂર્ખ માતાર્યાન', 'ડોંગર હલવાલા', 'ગાડુ બગીચા', 'યા સતેત જીવન રમત નાહીં', 'પ્રિયદર્શીની', 'આમચા ઈતિહાસતીલ એક અપિરહાર્ય પાત્ર', 'ખેલ', 'મી મોરલે સૂર્યા ચા ઘોડે સાત', 'તુઝે વોટ ઘરુન, તું હી યતા કંચી', એમ કુલ ૧૧ જેટલા કાવ્યસંગ્રહો આપ્યા છે. તેમની કવિતાઓ ભારતી લગભગ ૨૬ જેટલી ભાષાઓમાં તથા ફ્રેન્ચ, જર્મન તથા ઈટાલિયન ભાષામાં પણ અનુવાદિત થઈ છે. શબ્દોમાં જ નહીં સાચુકલી બાથ ભીડવામાં પણ તે પાછી પાની ન કરે તેવી

પ્રતિભા ધરાવતા હતા. જાણીતા કવિ દિલીપ ચિત્રેએ તેમને 'પોએટ ઓફ અન્ડરવર્લ્ડ' ગણાવ્યા હતા. તેમની કવિતાઓ અંગ્રેજી અનુવાદ પણ 'નામદેવ ઢસાળ : પોએટ ઓફ અન્ડરવર્લ્ડ'ના નામથી જ પ્રકાશિત થયેલો છે. એક કવિ તરીકે તેઓ દલિતોને ઈતિહાસમાં અમર થઈ ગયા. ૧૧મી જાન્યુઆરીના રોજ નેલ્શન મંડેલાના અવસાન પર લખાયેલી કવિતા તેમની આખરી કવિતા બની રહી. નામદેવ ઢસાળની વિદાયથી પ્રતિબદ્ધ કવિતાઓમાં વિદ્રોહનો યુગ પલટાય છે. આજે જ્યારે ચારેકોર દરેક ભાષાઓમાં આછકલાય ભર્યું છીછરું સાહિત્ય આગલી હરોળમાં ઊભું છે અને પ્રગતિશીલતાને નામે કંઈ પણ પિરસાઈ રહ્યું છે ત્યારે તમામ વાડાઓને પાર કરી જતી નામદેવ ઢસાળની કવિતાઓની વધુને વધુ જરૂર રહેવાની છે.

સામાજિક-રાજકીય-વૈચારિક નિસબત ધરાવતી કવિતા જેમના થકી રળિયાત બની તે નામદેવ ઢસાળની વિદાય સાથે સાહિત્યમાં બળવાખોરીના અને લોકઅધિકારો માટે ઝુઝારુ વિદ્રોહના એક મોટા યુગનો અંત આવ્યો છે. અંતે એમની જ એક અનુવાદિત કવિતાથી જ લેખ પૂર્ણ કરું છું. મીના ત્રિવેદી અનુવાદિત નામદેવની આ કવિતામાં જેની ખેવના આજીવન હોય તેવા જનકલ્યાણનો નાદ સંભળાય છે.

છેલ્લે, કોઈ નાના મોટાઓએ કોઈને
ગુલામ બનાવવા નહીં, લૂંટવા નહીં
કાળા-ગોરા કહેવા નહીં
તું બ્રાહ્મણ, તું ક્ષત્રિય
તે વૈશ્ય, તું શુદ્ર કહીને
હીણવવા નહીં
સગપણ ન સમજતા
મા બહેનને ઓળખવાના ગુના કરવા નહીં
ગગન એ દાદો અને ધરતી એ દાદી એમ માની
એમના ખોળામાં
હળી ભળીને આનંદમાં રહેવું
ચંદ્ર, સૂર્ય ઝાંખો પડે તેવાં તેજસ્વી કાર્યો કરવાં
એક તલ બધામાં વહેંચવો
માનવસૂક્ત ગાન ગાવાં
માનવનાં જ ગાન ગાવાં માનવ કાજે.

## સંદર્ભસૂચિ

૧. વરઠે, ચંદ્રકુમાર. 'દલિત સાહિત્ય આંદોલન'
૨. વર્તમાન પત્રો – 'ગુજરાત સમાચાર', 'ગાર્ડિયન', 'દિવ્ય ભાસ્કર', 'સંદેશ'
૩. સોનવણે, શશિકાંત. 'દલિત સાહિત્ય'
૪. 'હયાતી' - દશાબ્દી વિશેષાંક